અક્ષયપાત્ર સંસ્થા,બેંગ્લોરને વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન
સંચાલિત ૧૧૦ પ્રાથમિક શાળાઓના મ.ભો.યો.ના કેન્દ્રોના
કોન્ટ્રાકટની મુદત લંબાવવા બાબત.

ગુજરાત સરકાર
ઠરાવ ક્રમાંક: મભય/૧૦૨૦૦૯/૮૫૧/આર
શિક્ષણ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર
તા. /૦૬/૨૦૧૫
2 4 JUN 2015

વંચાણે લીધા:-

(૧) શિક્ષણ વિભાગના તા.૨૯/૮/૨૦૦૯ના સરખા ક્રમાંક:- મભય/૧૦૨૦૦૯/૮૫૧/આર,
(૨) કમિશ્નરશ્રી,મ.ભો.યો.નો તા.૨૯/૦૫/૧૫ના પત્ર ક્રમાંક:મભય/અમલ/વશી/૧૦૮૯/૪૬૮૧-૮૨,

ઠરાવ –

ઉપરના સંદર્ભ ક્રમાંક-(૧)ના ઠરાવથી વડોદરા કોર્પોરેશન વિસ્તારની ૧૧૦ પ્રાથમિક શાળાઓમાં ચાલતી મ.ભો.યોનું સંચાલન અક્ષયપાત્ર સંસ્થા,બેંગ્લોરને (સ્વૈચ્છિક સંસ્થા)ને તા.૧૧/૬/૨૦૦૭ના ઠરાવની બોલીઓ અને શરતોને આધિન આપવામાં આવેલ છે.જેમાં કોઇ સમય-મર્યાદાનો ઉલ્લેખ કરવામાં આવેલ નથી. પ્રસ્તુત બાબતે મુનિસિપલ કમિશ્નરશ્રી, વડોદરા અને સંસ્થાના પ્રતિનિધિ સાથે કરેલ **એમ.ઓ.યુમાં પાંચ વર્ષ માટે કરાર** કરવામાં આવેલ હતો.જેથી પ્રસ્તુત બાબતે સંદર્ભ ક્રમાંક-(૨)ના કમિશ્નરશ્રી,મ.ભો.યો.પત્રથી તા.૧/૧૦/૧૪ થી તા.૩૦/૯/૧૭ સુધી મુદત લંબાવવાની દરખાસ્ત કરેલ,જે બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

૨/ સરકારશ્રીની કાળજીપૂર્વકની વિચારણાને અંતે વડોદરા કોર્પોરેશન વિસ્તારની ૧૧૦ પ્રાથમિક શાળાઓમાં ચાલતી મ.ભો.યોનું સંચાલન અક્ષયપાત્ર સંસ્થા,બેંગ્લોરને (સ્વૈચ્છિક સંસ્થા)ને તા.૧/૧૦/૧૪ થી તા.૩૦/૯/૧૭ સુધીની મુદત માટે લંબાવી આપવાનું આથી નીચેની શરતોને આધિન ઠરાવવામાં આવે છે.

શરતો :-

(૧) શિક્ષણ વિભાગના તા.૨૯/૮/૨૦૦૯ના સરખા ક્રમાંકના ઠરાવની બોલીઓ અને શરતોનું પાલન કરવાનું રહેશે.
(૨) મ.ભો.યો.ના લાભાર્થીઓની સંખ્યા જે હાલમાં ૬૯.૪૬ % છે તેમાં ૫ % વધારો થાય તે માટે કમીશ્નરશ્રી,મ્યુનીસિપલ કોર્પોરેશન અને અક્ષયપાત્ર સંસ્થા,બેંગ્લોર દ્વારા પ્રયત્નો કરવાના રહેશે.
(૩) લાભાર્થીઓનું દરેક ત્રણ માસમાં ન્યુટ્રીશીયન ચેક કરવાનું રહેશે અને બોડી માસ ઇન્ડેકસ (B.M.I.)ના આધારે તપાસણી કરવાની રહેશે.
(૪) કમી.મ.ભો.યો.એ આ સંસ્થાની કામગીરી બાબતે દર બે મહિને આકસ્મિક તપાસ કરાવી તેનો અહેવાલ સરકારને મોકલવાનો રહેશે.
(૫) આ સમયગાળા દરમ્યાન કમી.મ.ભો.યો.એ સંસ્થાની કામગીરી અંગેનો મુલ્યાંકન અહેવાલ રજુ કરવાનો રહેશે.
(૬) સેન્ટ્રાલાઇઝ રસોડાની સ્વચ્છતા અને કાચા-માલ સામાનની ગુણવત્તાની બાબતે ગુણ ઓછા હોઇ તેમાં સુધારો કરવાનો રહેશે.
(૭) સંસ્થાની આગામી ત્રણ માસની કામગીરી અંગે કમી.મ.ભો.યો.એ તેમની કચેરી કક્ષાએથી જરૂરી તપાસ કરાવી અહેવાલ સરકારને મોકલવાનો રહેશે.

૩/ આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર સરકારની તા.૧૭/૦૬/૨૦૧૫ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(મહાવીરસિંહ શેખાવત )
ઉપ સચિવ
શિક્ષણ વિભાગ.

પ્રતિ,

--માન.મંત્રીશ્રી(શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.
--માન.રા.ક.મંત્રીશ્રી(શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.
-- અગ્ર સચિવશ્રી (શિક્ષણ) ના રહસ્ય સચિવ, સચિવાલય, ગાંધીનગર.
-- કમિશ્નરશ્રી, મધ્યાહન ભોજન યોજનાની કચેરી, ગાંધીનગર.
--નિયામકશ્રી,પ્રાથમિક શિક્ષણ)ની કચેરી,ગાંધીનગર.
--ચેરમેનશ્રી,અક્ષયપાત્ર સંસ્થા,પ્લોટ નં.૪૨,ધરમપુરા સોસાયટી,હરીનગર ચાર રસ્તા પાસે,ગોત્રી રોડ,વડોદરા પીન કોડ નં.૩૯૦૦૨૩
-- એકાઉન્ટન્ટ જનરલ, ગુજરાત રાજય, અમદાવાદ/રાજકોટ.
-- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
-- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
-- મુનિસિપલ કમિશ્નરશ્રી, વડોદરા.
-- નાયબ કલેકટરશ્રી(મ.ભો.યો.), વડોદરા.
-- જિલ્લા વિકાસ અધિકારીશ્રી, વડોદરા.
-- કોમ્પ્યુટર સેલ,શિક્ષણ સચિવાલય, ગાંધીનગર (વિભાગની વેબસાઇટ ઉપર મુકવા બાબત.)
-- નાયબ સેકશન અધિકારીશ્રી,
-- સિલેકટ ફાઇલ.